**વિધાનસભા પ્રશ્ન ક્રમાંક :– ૧૫/૫/૨૮**

**પૂરક નોંધ**

માન. વડાપ્રધાનશ્રીના " સહકાર–સે–સમૃધ્ધિ" ના વિઝનને સાકાર કરવા ભારત સરકારે નવા સહકાર વિભાગની રચના કરેલ છે. ભારત સરકારના સહકાર મંત્રાલયે દેશના તમામ ગ્રામ્ય સ્તર સુધી સહકારી પ્રવૃત્તિનો વિસ્તાર થાય અને હયાત પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી (પેક્સ) આર્થિક રીતે વધુ સક્ષમ બને તે માટે અનેલ નવા પગલાં લીધેલ છે.

ગ્રામ્ય સ્તરે પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળી (પેક્સ) એ એક મહત્વની સહકારી સંસ્થા છે. પેક્સ દ્‌વ્રારા માત્ર ધિરાણ અને ખાતરની વિતરણની મર્યાદિત કામગીરી કરવામાં આવતી હતી. પેક્સ આવી પરંપરાગત કામગીરી સિવાય ગ્રામ્ય કક્ષાની તમામ કામગીરી કરી શકે તે માટે તેઓને મલ્ટીપર્પઝ બનાવવા ભારત સરકારશ્રીએ નવા મોડેલ બાયલોઝ તૈયાર કરાવેલ છે. નવા મોડેલ બાયલોઝના ઉદ્ધેશો નીચે મુજબ છે.

(૧) તેના સભ્યોને કૃષિ અને તેના ઉત્પાદનોને લગતી બેકવર્ડ અને ફોરવર્ડ પ્રવૃત્તિઓના વિકાસ માટે સમયસર અને પર્યાપ્ત ટૂંકા ગાળાનું ધિરાણ(સહકારી ધિરાણ માળખા અનુસાર કે.સી.સી. યોજના અંતર્ગત પાક ધિરાણ સહીત) અને મધ્યમ ગાળાનું ધિરાણ, ટ્રેક્ટર વગેરે જેવા કૃષિ હેતુઓ ના વાહનો માટે લોન, વપરાશ માટે લોન અથવા આનુષંગિક બાબતો/ગીરો ફાઇનાન્સિંગ/ બોન્ડ/જામીનગીરીવગેરે સામે તબીબી હેતુ માટે લોન પ્રદાન કરવી. જ્યારે રાજ્ય સરકાર અને તેની સંસ્થાઓ દ્વારા માન્ય/સહાયિત કોઈ પણ નાણાકીય સંસ્થાઓ પાસેથી શેર મૂડી, થાપણો અને ઋણ મારફતે કાર્ય વિસ્તારમાં (ધિરાણની યોગ્યતા અને આપેલ લોન સુરક્ષિત કરવા જેવાં)નાણાકીય ધોરણો જાળવી રાખવાં;

(૨) સભાસદોને કૃષિ વિષયક કામગીરી માટે લાંબા ગાળાની લોન પ્રદાન કરવી;

(૩) મંડળીના કાર્ય વિસ્તામાં તેના સભ્યોને તકનીકી અને નાણાકીય સહાય દ્વારા કૃષિ પેદાશો અને તેના ઉત્પાદનો (જેવા કે ખેતરના પાક, ફળો અને શાકભાજી, ફૂલોની ખેતી (ફ્લોરિકલ્ચર), પશુપાલન/મત્સ્યઉદ્યોગ/ઝીંગા ઉછેર, મરઘાં ઉછેર, મધમાખી ઉછેર, રેશમ ઉત્પાદન (સેરીકલ્ચર), અને અન્ય જમીન/સમુદ્ર આધારિત કૃષિ પ્રવૃત્તિઓ અને તેમની સંબંધિત પ્રવૃત્તિઓ અને તેનું પ્રોસેસિંગ) માટે બેકવર્ડ લિન્કેજ (જેવા કે નિદર્શન પ્લોટ, સિંચાઈની સુવિધાઓ, છાણ, ખાતર, સુધારેલા બિયારણ/બીજ ઉત્પાદન, કસ્ટમ હાયરિંગ સેન્ટર, ખેતીનાં યંત્રો /ઓજારો, જંતુનાશકો, અન્ય સામગ્રીઓ વગેરે); ફોરવર્ડ લિન્કેજ (જેવા કે સંગ્રહ, વર્ગીકરણ, સફાઇ, પેકેજિંગ, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ, સ્ટોરેજ [ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ],

પ્રોસેસિંગ, વેલ્યુ ચેઇન [પરિવહન, લોજિસ્ટિક્સ, રેફ્રિજરેટેડ વાન, વગેરે]) ને પ્રોત્સાહન આપવું અને વિકસાવવા;

(૪) મંડળી અને તેના સભ્યોના લાભ માટે તેના ઉદ્દેશો હાંસલ કરવા માટે કોઈ પણ સ્થાનિક એકમો/સરકારો/વિભાગો/યુનિવર્સિટીઓ/મંડળીઓ/કંપનીઓ સાથે સંકલન સાધવું અથવા તેની વ્યવસ્થા કરવી;

(૫) મંડળી અથવા તેના સભ્યોની સુવિધાઓ અને આવકમાં વધારો કરી શકે તેવી સેવા અથવા વ્યવસાયિક કામગીરીઓ (જેવી કે માળખાગત વિકાસ, સામુદાયિક કેન્દ્ર, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, અનાજની ખરીદી, વાજબી ભાવની દુકાન, અથવા કોઈપણ સરકારી યોજના, ડીલરશીપ/એજન્સી/વિતરક અથવા એલપીજી/પેટ્રોલ/ડીઝલ/ગ્રીન એનર્જી/ખેતર અથવા ઘરગથ્થુ ઉપભોક્તા અને ટકાઉ/ફાર્મ મશીનરી, કૌશલ્ય સુધારણા માટે સભ્યોને તાલીમ, વગેરે)માં જોડાવું;

(૬) લોકર સુવિધાઓ સ્થાપિત કરવી અથવા તેની વ્યવસ્થા કરવી;

(૭) નીતિગત માળખાને, કૃષિના વિકાસ અથવા સંબંધિત વ્યવસાય અથવા વિકાસલક્ષી યોજનાને મજબૂત કરી શકે અને કાર્ય વિસ્તારમાં તમામ હિતધારકો માટે પણ ફાયદાકારક થાય તે અર્થે કાર્ય વિસ્તારમાં તમામ સભ્યો અને બિન-સભ્યોની સામાજિક-આર્થિક, નાણાકીય અને વ્યવસાય-સંબંધિત માહિતી એકત્રિત કરવી;

(૮) મંડળી અને તેના સભ્યોની આવક વધારવા માટે કૃષિ અને તેની સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે સંબંધિત અત્યાધુનિક ટેકનોલોજી અથવા વિસ્તરણ પ્રવૃત્તિઓને પ્રદર્શિત કરવી, પ્રોત્સાહન આપવું અને વિકસાવવી;

(૯) કાર્ય વિસ્તારમાં તમામ હિતધારકો માટે સામાજિક સંવાદિતા અને આર્થિક લાભોને પ્રોત્સાહન આપી શકે તે માટે તાલીમ, જાહેર મુલાકાતો અથવા ક્ષમતા નિર્માણ કાર્યક્રમોના આયોજન દ્વારા મંડળીના સભ્યો , તેમના પરિવારો (ખાસ કરીને યુવાનો અને મહિલાઓ) ,વ્યવસ્થાપક સમિતિ સભ્યો અને કર્મચારીઓને સહકારી સિદ્ધાંતો, મૂલ્યો અને કાર્યો વિશે શિક્ષિત કરવા;

(૧૦) નાણાકીય/બેંકિંગ સંસ્થાઓ માટે એજન્ટ અથવા બેંક મિત્ર/બિઝનેસ કોરસપોન્ડન્ટ/બિઝનેસ ફેસિલિટેટર તરીકે કામ કરવું;

(૧૧) મંડળીના સભ્યો માટે સામાજિક સુરક્ષા યોજનાના અમલીકરણ માટે એજન્સી તરીકે કામ કરવું અને માઇક્રો વીમો/વીમો પૂરો પાડવો;

(૧૨) કાર્ય વિસ્તારમાં સહકાર આધારિત પ્રવૃત્તિઓમાં યુવાનો અને મહિલાઓને સામેલ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું અને તેને પ્રોત્સાહન આપવું;

(૧૩) શિક્ષણ (શાળા, કોલેજ), સ્વાસ્થ્ય (હોસ્પિટલ, ડિસ્પેન્સરી (દવાખાનું), ક્લિનિકલ લેબોરેટરી (નૈદાનિક પ્રયોગશાળા), એમ્બ્યુલન્સ સેવા), પ્રવાસન , પર્યાવરણીય અને સ્થાયી વિકાસ પ્રવૃત્તિઓનાં ક્ષેત્રોમાં સમુદાય–આધારિત સેવાઓ પ્રદાન કરવી;

(૧૪) કાર્ય વિસ્તારમાં લાભાર્થીઓને પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ (ડીબીટી) મારફતે સેવાઓ પ્રદાન કરવા માટેની સરકારી યોજનાઓમાં સહભાગી થવું;

(૧૫) સરકાર દ્વારા વિવિધ હેતુઓ માટે ઉપયોગમાં લેવામાં આવતા માહિતી/ડેટા સેન્ટરના સ્રોત તરીકે કામ કરવું;

(૧૬) કાર્ય વિસ્તારમાં ઓનલાઇન/ડિજિટલ સેવાઓની સુવિધા માટે કોમન સર્વિસ સેન્ટર તરીકે કામ કરવું;

(૧૭) મંડળીના સભ્યોના લાભાર્થે તેના કાર્ય વિસ્તારની અંદર અને બહાર માર્કેટિંગ અને સમાન પ્રવૃત્તિઓ હાથ ધરવી;

(૧૮) જમીન, ઇમારતો, ગોડાઉન, પ્રોસેસિંગ એકમો અને આ પ્રકારની અન્ય આવશ્યક અસ્કયામતોની માલિકી ધરાવવી;

(૧૯) ઉપરોક્ત ઉદ્દેશોની પ્રાપ્તિ માટે અનુકૂળ અને આનુષંગિક હોય તેવી અને સભ્યો અને મંડળીના લાભાર્થે સામાન્ય સભા દ્વારા મંજૂર કરવામાં આવેલી અન્ય પ્રવૃત્તિઓ હાથ ધરવી.

મોડેલ બાયલોઝના ઉક્ત ઉદ્દેશો મુજબ પેક્સ કામગીરી કરી મડળી આર્થિક રીતે વધુ મજબૂત બની શકશે મોડેલ બાયલોઝમાં કાયદાની તમામ સુધારેલ જોગવાઇનો સમાવેશ કરવામાં આવેલ છે. મોડેલ બાયલોઝના કારણે વહીવટમાં વધુ પારદર્શીતા આવશે. આથી રાજ્યની તમામ પેકસ મોડેલ બાયલોઝ  અપનાવે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વ્રારા અનેક સેમીનારનું આયોજન હાથ ધરી મંડળીઓને જાગૃત કરવામાં આવેલ હતી. જેના પરિણામે રાજ્યની ૧૦૧૭૭ પેક્સ પૈકી ૯૫૧૬ પેક્સ દ્વ્રારા મોડેલ બાયલોઝ અપનાવવામાં આવેલ છે.